Toppersnotes®
Unleash the topper in you

# Gujarat

## રેવન્યુ તલાટી

Gujarat Secondary Service Selection Board (GSSSB)

ભાગ - 4

### ગુજરાતી વ્યાકરણ

SIERRA INNOVATIONS

# અનુક્રમણિકા


| ગુજરાતી વ્યાકરણ | | |
|---|---|---|
| 1. | ગુજરાતી ભાષાની વર્ણવ્યવસ્થા | 1 |
| 2. | સંજ્ઞા | 8 |
| 3. | સર્વનામ | 13 |
| 4. | વિશેષણ | 16 |
| 5. | ક્રિયાવિશેષણ | 23 |
| 6. | સંયોજક | 27 |
| 7. | કૃદંત | 31 |
| 8. | નિપાત | 35 |
| 9. | વાક્યના પ્રકારો | 37 |
| 10. | ક્રિયાપદના પ્રયોગો | 40 |
| 11. | રચનાની દ્રષ્ટિએ વાક્યના પ્રકારો | 44 |
| 12. | ક્રિયાપદના અર્થો | 46 |
| 13. | ક્રિયાપદના પ્રકારો | 48 |
| 14. | અનુગ અને નામયોગી | 50 |
| 15. | વિભક્તિ | 52 |
| 16. | સમાસ | 56 |
| 17. | અલંકાર | 67 |
| 18. | છંદ | 81 |

| | | |
|---|---|---|
| 19. | દ્વિરુક્તિ અને રવાનુકારી | 101 |
| 20. | વાક્યશુદ્ધિ | 104 |
| 21. | જોડણી | 108 |
| 22. | સંધિ | 123 |

# 1 CHAPTER ગુજરાતી ભાષાની વર્ણવ્યવસ્થા

**આપણે સૌ જાણીએ છીએ કે, ભાષા મૂળભૂત રીતે બોલાતી વસ્તુ છે. એટલે કે ભાષા બોલાય છે પણ તે ક્યાંથી ઉદ્‌ભવે છે ? તો જોઈએ કે ભાષા ધ્વનિઓની બનેલી છે. 'ધ્વનિ' એટલે શું ? તો 'ધ્વનિ' એટલે 'અવાજ'. આ અવાજ - ધ્વનિ ક્યાંથી આવે છે ? તે શું છે ? તે ભાષામાં કઈ રીતે ઉપયોગી છે ? તો જાણીએ કે આપણે ભાષાને લખવા માટે લિપિચિહ્ન વાપરીએ છીએ. આપણે ધ્વનિ (અવાજ)ને લિપિચિહ્ન તરીકે યોજીને લખીએ છીએ.**

## ભાષા એટલે શું ?

- ભાષા શબ્દ એ 'ભાષ્' ધાતુ ઉપરથી બનેલો છે.
- ભાષ્ એટલે 'બોલવું', 'ઉચ્ચારણ કરવું' એવો અર્થ થાય છે.

### ભાષાની વ્યાખ્યા

'ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈ પણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાનો સહકાર સાધે છે અને એકબીજાના સંપર્કમાં આવે છે. **— સ્તુર્તવા**

### ભાષાનાં લક્ષણો

- ભાષા ધ્વનિ ઘટકોની બનેલી છે.
- ભાષામાં ધ્વનિ સંકેતો રહેલા છે.
- ભાષા એ સામાજિક દેન છે.
- ભાષા પરિવર્તનશીલ છે.
- ભાષા વાચિક છે.
- ભાષા કેવળ માનવીય વ્યાપાર છે.
- ભાષામાં વ્યવસ્થા રહેલી હોય છે.

## લિપિ

- ''ઉચ્ચારણના ઘટકોને દશ્ય સંકેતો દ્વારા રજૂ કરવાની વ્યવસ્થા એટલે લિપિ.''
- લિપિની શોધ ઈ.સ. પૂર્વે ૩૫૦૦માં થયેલી હોવાનું મનાય છે.
- ભારતે યોજેલી મૂળ બ્રાહ્મી લિપિ દુનિયાની સર્વ લિપિઓમાં સંપૂર્ણ વૈજ્ઞાનિક અને ચોક્કસ છે.
- પ્રાચીનકાળમાં મુખ્યત્વે બ્રાહ્મી અને ખરોષ્ટી બે લિપિઓ પ્રચલિત હતી.
- ગુજરાતી ભાષા એ ગુજરાતી લિપિમાં લખાય છે.
- ગુજરાતી લિપિ એ દેવનાગરી લિપિમાંથી ઊતરી આવી છે.
- ઈ.સ. ૧૮૬૦માં રચાયેલી કૃતિ 'ગુજરાતી વાચનમાળા' એ ગુજરાતી લિપિનું સૌપ્રથમ પુસ્તક છે.

## બોલી

- કોઈ પણ ભાષા દરેક પ્રદેશ અને સામાજિક વર્ગોમાં એકસરખી રીતે બોલાતી નથી. એક જ ભાષા જુદા-જુદા સ્વરૂપે બોલાતી જોવા મળે છે. આ ભાષા સ્વરૂપને બોલી તરીકે ઓળખવામાં આવે છે.
- સમાજનો નિમ્ન અને અલ્પશિક્ષિત વર્ગ બોલીનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરે છે.

### ગુજરાત રાજ્યમાં બોલાતી વિવિધ બોલી

- **ઉત્તર ગુજરાત** — પટ્ટણી બોલી - વાયરો, પવન, પોંણી
- **મધ્યગુજરાત** — ચરોતરી બોલી - અગાડી, આગળ
- **કચ્છ પ્રદેશ** — કચ્છી બોલી - કોરો થ્યો, અચીજા
- **દક્ષિણ ગુજરાત** — સુરતી બોલી - પોયરો, છોકરો
- **સૌરાષ્ટ્ર પંથક** — સૌરાષ્ટ્રી બોલી - ઓલું, પેલું
- **આદિવાસી વિસ્તાર અને ડાંગ પ્રદેશ** — ડાંગી બોલી, ભીલી બોલી

### સૌરાષ્ટ્ર પંથકની બોલીના ચાર ભાગ

- **જૂનાગઢ પંથક** — સોરઠી બોલી
- **જામનગર પંથક** — હાલારી બોલી
- **સુરેન્દ્રનગર પંથક** — ઝાલાવાડી બોલી
- **ભાવનગર પંથક** — ગોહિલવાડી બોલી
- **વર્તમાન સમયમાં ગુજરાતી અંગ્રેજીના મિશ્રણવાળી ગુજલીશ બોલી પણ બોલાય છે.**

## ધ્વનિ, સ્વર અને વ્યંજન

### ધ્વનિ

- ધ્વનિ શબ્દનો અર્થ 'અવાજ' થાય છે.
- ભાષાનો નાનામાં નાનો એકમ ધ્વનિ છે. આ ધ્વનિઓને આપણે પરંપરાગત રીતે **'સ્વર' કે 'વ્યંજન'** કહીએ છીએ.
  ઉ.દા. ક = ક્ + અ, ર = ર્ + અ
- ફેફસાંમાંથી નીકળતી હવા એ ધ્વનિ છે. ફેફસાંમાંથી હવા નીકળે છે. તે શરીરના (મુખમાંના) કેટલાક અવયવોને સ્પર્શ કરીને નીકળે છે. ભાષામાં જે ધ્વનિ વપરાય છે તે આપણા શરીરના કેટલાક અવયવમાંથી ઉત્પન્ન થાય છે. આવા અવયવોને 'વાગ્અવયવો' કહે છે. **ગુજરાતી ભાષામાં કુલ વાગ્અવયવો ૧૪ છે.**
- ફેફસાંમાંથી નીકળતી હવા મુખ વાટે બહાર આવે છે અને બહાર આવતાં તેને ઘણે સ્થાને અવરોધ, સંકોચ, ઘર્ષણ કે આંદોલન અનુભવાય છે. તેને કારણે ધ્વનિ ઉત્પન્ન થાય છે અને તેને જુદાજુદા અવયવોનો સ્પર્શ થતાં તે ધ્વનિને અલગ અલગ વિભાજન કરી શકાય છે.

**સ્વર**

- જે ધ્વનિઓનું કોઈ પણ બીજા ધ્વનિની સહાય વિના ઉચ્ચારણ થઈ શકે તેને **'સ્વર'** કહેવાય.
- ગુજરાતી ભાષામાં પરંપરાગત રીતે સ્વરોની સંખ્યા ૧૩ (તેર) ગણાય છે.
- ડૉ. પ્રબોધ પંડિત સ્વરોની સંખ્યા આઠ (૮) ગણાવે છે. અ, આ, ઇ, ઉ, એ, ઐ, ઓ, ઔ
- **'ઋ'** એ મહેમાન સ્વર છે. તે નાગરી વર્ણમાળાનો સ્વર છે.

## ❒ સ્વરોની સંખ્યા

- 'અ', 'આ', 'ઇ', 'ઈ', 'ઉ', 'ઊ', 'ઋ', 'એ', 'ઐ', 'ઓ', 'ઔ', 'અં', 'અઃ'

## ❒ સ્વરના મુખ્ય બે પ્રકાર : (૧) હ્રસ્વ સ્વર (૨) દીર્ઘ સ્વર.

### (૧) હ્રસ્વ સ્વર

- જે સ્વરનું ટૂંકું ઉચ્ચારણ થાય તેવા સ્વરોને **હ્રસ્વ સ્વર કહે છે. જેમ કે, અ, ઇ, ઉ, ઋ**
- હ્રસ્વ સ્વરની મદદથી લઘુ અક્ષર બને છે.

### (૨) દીર્ઘ સ્વર

- જે સ્વરનું ઉચ્ચારણ લાંબું થતું હોય **તેવા સ્વરોને દીર્ઘ સ્વર કહેવાય. જેમ કે, આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ**
- દીર્ઘ સ્વરની મદદથી ગુરુ અક્ષર બને છે. દીર્ઘ સ્વરોને સાધિત સ્વર, સંયુક્ત સ્વર કે સંધિ સ્વર તરીકે ઓળખવામાં આવે છે.

**અં – અઃ**

- 'અં' એ 'અ'નું અનુનાસિક ઉચ્ચારણ છે.
- 'અઃ'માં રહેલો વિસર્ગ સંસ્કૃત ભાષાનો છે. વિસર્ગનો ઉચ્ચાર 'હ્' જેવો થાય છે.

Unleash the topper in you

## ❒ સ્વરોનાં ઉચ્ચારણ સ્થાન

| સ્વર | ઉચ્ચારણ સ્થાન | વ્યંજન |
|---|---|---|
| અ - આ | કંઠમાંથી | કંઠ્ય |
| ઇ - ઈ | તાળવામાંથી | તાલવ્ય |
| ઉ - ઊ | હોઠમાંથી | ઔષ્ઠ્ય |
| ઋ | મૂર્ધામાંથી | મૂર્ધન્ય |
| એ - ઐ | કંઠ અને તાળવામાંથી | કંઠતાલવ્ય |
| ઓ - ઔ | કંઠ અને હોઠમાંથી | કંઠ્યૌષ્ઠ્ય |

**વ્યંજન**

- જેનો સ્વતંત્રપણે ઉચ્ચાર ન થઈ શકે અને સ્વરની સહાય લેવી પડે, એટલે કે સ્વરનું અંજન લગાડવું પડે તે વ્યંજન.
- વ્યંજન = વિ + અંજન		વિ - વિશેષ, અંજન - મેળવણી, મેળવવું
- જેમ કે, ક = ક્ + અ		પ = પ્ + અ

**ગુજરાતી ભાષામાં વ્યંજનની સંખ્યા ૩૪ છે.**

- ક્, ખ્, ગ્, ઘ્ વગેરે...
- કુલ મૂળાક્ષરો ૪૭ છે.

## વર્ણ વ્યવસ્થા

સામાન્ય રીતે વર્ણોની ગોઠવણને વર્ણવ્યવસ્થા કહેવાય.

### ❒ વર્ણ

- સ્વતંત્ર રીતે વપરાયેલા સ્વર કે વ્યંજનને **'વર્ણ'** કહેવાય...આ વર્ણોને વાઙવયવોના વિભાજન પ્રમાણે ગોઠવવામાં આવે છે તેને **'વર્ણ વ્યવસ્થા'** કહેવાય છે.

## વ્યંજનોનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

## વર્ણવ્યવસ્થા

| વર્ગીય વ્યંજન | | | | | | અવર્ગીય વ્યંજન | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિર્ અનુનાસિક | | | | | અનુનાસિક | અર્ધસ્વર | પ્રકંપી ધ્વનિ | મર્મર ધ્વનિ | સંઘર્ષી ધ્વનિ | પાર્શ્વિક | |
| | અઘોષ | | ઘોષ | | | | | | | થડકાર વાળો | થડકાર વગરનો |
| વ્યંજન/વર્ગ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | | | | | | | |
| કંઠ્ય/ક | ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ (અંગ) | હ્ | | હ્ | હ્ | | |
| તાલવ્ય / ચ | ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ (અંજ) | ય્ | ર્ | | શ્ | લ્ | |
| મૂર્ધન્ય/વર્ત્સ્ય/ટ | ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ | | | | ષ્ | | ળ્ |
| દંત્ય/ત | ત્ | થ્ | દ્ | ધ્ | ન્ | | | | સ્ | | |
| ઔષ્ઠ્ય/પ | પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ | | | | | | |
| દંતૌષ્ઠ્ય | | | | | | વ્ | | | | | |

## વિવિધ વ્યાખ્યાઓ

### ❒ વર્ગીય વ્યંજન

- વર્ગીય વ્યંજનને સ્પર્શ વ્યંજન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જે વ્યંજનનું ઉચ્ચારણ કરતાં મુખમાંથી નીકળતો ધ્વનિ મુખમાંના જે તે અવયવને સ્પર્શ કરે છે અને જે તે ધ્વનિ ઉચ્ચારાય છે તેને વર્ગીય વ્યંજન કહેવાય છે.
- **વર્ગીય વ્યંજન-૨૫ છે.**

### ❒ અવર્ગીય વ્યંજન

- અવર્ગીય વ્યંજનને અસ્પર્શ વ્યંજન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જે વ્યંજનનું ઉચ્ચારણ કરતાં મુખમાંથી નીકળતો **ધ્વનિ** મુખમાંના અવયવોને સંપૂર્ણપણે સ્પર્શ કરતો નથી અને ધ્વનિ ઉચ્ચારાય છે તેને અવર્ગીય વ્યંજન કહેવાય છે.
- **અવર્ગીય વ્યંજન-૯ છે.**

## ❒ નિરનુનાસિક

- જે ધ્વનિના ઉચ્ચારણ સમયે વધારે પડતી હવા મુખવિવરમાંથી બહાર આવે અને ધ્વનિ ઉચ્ચારણ થાય તેને નિરનુનાસિક વ્યંજન કહેવાય છે.
- **નિરનુનાસિક વ્યંજન ૨૦ (વીસ) છે.**

## ❒ અનુનાસિક

- જે ધ્વનિના ઉચ્ચારણ સમયે વધારે પડતી હવા નાસિકાવિવરમાંથી બહાર આવે અને ધ્વનિ ઉચ્ચારણ થાય તેને અનુનાસિક વ્યંજન કહેવાય છે.
- **અનુનાસિક વ્યંજન ૫ (પાંચ) છે.**

## ❒ અઘોષ ધ્વનિ

- નાદતંત્રી મહદ્ અંશે અલ્પમાત્રામાં કંપે ને જે ધ્વનિ ઉત્પન્ન થાય તે અઘોષ ધ્વનિ કહેવાય.

**જેમ કે,**

ક્, ખ્, ચ્, છ્, ટ્, ઠ્, ત્, થ્, પ્, ફ્

## ❒ ઘોષ ધ્વનિ

- નાદતંત્રી સહેજ વધુ કંપનની અવસ્થામાં હોય ત્યારે જે ધ્વનિ ઉત્પન્ન થાય તે ઘોષ ધ્વનિ કહેવાય.

**જેમ કે,**

ગ્, ઘ્, જ્, ઝ્, ડ્, ઢ્, દ્, ધ્, બ્, ભ્

## ❒ અલ્પપ્રાણ

- જે ધ્વનિના ઉચ્ચારણ સમયે ઓછી હવાની જરૂર પડે તેને અલ્પપ્રાણ ધ્વનિ કહેવાય.

**જેમ કે,**

ક્, ગ્, ચ્, જ્, ટ્, ડ્, ત્, દ્, પ્, બ્

## ❒ મહાપ્રાણ

- જે ધ્વનિના ઉચ્ચારણ સમયે વધારે હવાની જરૂર પડે તેને મહાપ્રાણ ધ્વનિ કહેવાય.

**જેમ કે,**

ખ્, ઘ્, છ્, ઝ્, ઠ્, ઢ્, થ્, ધ્, ફ્, ભ્

# કોશગત ગોઠવણી

મિત્રો, પરીક્ષામાં કોશગત ગોઠવણી એટલે કે કક્કાવારી ક્રમમાં જોડકાંને ગોઠવવાનું ખૂબ જ પુછાય છે, તો તે માટે શું કરવું ? તો સૌપ્રથમ સ્વરની ગોઠવણીનો યોગ્ય ક્રમ મૂકો, ત્યારબાદ સ્વર અને વ્યંજનને અલગ કરી શકાય અને પછી તેને વ્યંજનના ક્રમ પ્રમાણે ગોઠવી શકાય. આમ કરવાથી તે સંપૂર્ણ રીતે સત્ય ઠરે છે.

## ❒ સ્વરની ગોઠવણીનો ક્રમ

અ, અં, અઃ, આ, આં, આઃ, ઇ, ઇં, ઇઃ, ઈ, ઈં, ઈઃ, ઉ, ઉં, ઉઃ, ઊ, ઊં, ઊઃ, ઋ, ઋં, ઋઃ, ઍ, ઍં, ઍઃ, એ, એં, એઃ, ઐ, ઐં, ઐઃ, ઑ, ઑં, ઑઃ, ઓ, ઓં, ઓઃ, ઔ, ઔં, ઔઃ

## ❒ જોડાક્ષર

**ક્ષ** - ક્ + ષ્ + અ

**ધ્ય** - ધ્ + ય્ + અ

**ધ્** - દ્ + દ્ + અ

**ધૃ** - ધ્ + ઋ

**દ્ય** - દ્ + ય્ + અ

**શ્વ** - શ્ + વ્ + અ

**દૃ** - દ્ + ઋ

**હ્ન** - હ્ + ન્ + અ

**હૃ** - હ્ + ઋ

**વૃ** - વ્ + ઋ

**ધ્ધ** - ધ્ + ધ્ + અ

**ત્ર** - ત્ + ર્ + અ

**ધ્વ** - ધ્ + વ્ + અ

**દ્મ**- દ્ + મ્ + અ

**શ્ચ** - શ્ + ચ્ + અ

**દ્વ** - દ્ + વ્ + અ

**હ્મ** - હ્ + મ્ + અ

**હ્વ** - હ્ + વ્ + અ

**ર્મ** - ર્ + મ્ + અ

**જ્ઞ** - જ્ + ઞ્ + અ

**ધ્ર** - ધ્ + ર્ + અ

**દ્ધ** - દ્ + ધ્ + અ

**શ્ર** - શ્ + ર્ + અ

**દ્ર** - દ્ + ર્ + અ

**સ્વ** - સ્ + વ્ + અ

**હ્ય** - હ્ + ય્ + અ

**ષ્ટ્ર** - ષ્ + ટ્ + ર્ + અ

**પ્ર** - પ્ + ર્ + અ

## ❒ ઉદાહરણ

**દ્વિપ, દ્વેષ, દ્વારકા, દ્રાક્ષ, દૃષ્ટિ**

- સૌપ્રથમ પ્રથમ અક્ષરના ધ્વનિ ઘટકો અલગ કરવા.
- ત્યારપછી દરેક સરખા અક્ષર દૂર કરો, બીજો અક્ષર જુઓ એમાં સ્વર હોય તો પ્રથમ સ્વર લો અને પછી વ્યંજન લો. જો બીજો અક્ષર પણ સરખો હોય તો ત્રીજો અક્ષર લો. પછી તેને જે પ્રથમ આવે તેને ક્રમ પ્રમાણે ગોઠવો.

  **દ્વિપ = દ્ + વ્ + ઈ + પ્ + અ**

  **દ્વેષ = દ્ + વ્ + એ + ષ્ + અ**

  **દ્વારકા = દ્ + વ્ + આ + ર્ + અ + ક્ + આ**

  **દ્રાક્ષ = દ્ + ર્ + આ + ક્ + ષ્ + અ**

  **દૃષ્ટિ = દ્ + ઋ + ષ્ + ટ્ + ઈ**

- ઉપરોક્ત ઉદાહરણમાં જોઈએ તો,
  **દૃષ્ટિ, દ્રાક્ષ, દ્વારકા, દ્વિપ, દ્વેષ** આ પ્રમાણે સાચો ક્રમ થાય.

## ❒ સ્વાધ્યાય

- અંબા, આરતી, ઔષધ, ઈશ્વર, ઇયળ
- શ્વેતા, શારદા, સૃષ્ટિ, શ્રદ્ધા, શ્વાન
- વૃંદા, વૃષ્ટિ, વિશ્વાસ, વાલ્મીકિ, વિદ્વાન
- ક્ષત્રિય, ક્ષમા, કશ્યપ, જ્ઞાન, જગત
- કૃપા, ખેતર, ક્ષોભ, સંસ્કૃતિ, અર્ચના

## ધ્વનિશ્રેણી

ધ્વનિશ્રેણી એટલે જે-તે શબ્દમાંથી સ્વર અને વ્યંજન એટલે કે ધ્વનિ ઘટકોને અલગ કરવા તે.

**જેમ કે,**

| | |
|---|---|
| **આજ્ઞા** | આ + જ્ + ઞ્ + આ |
| **ક્ષમા** | ક્ + ષ્ + અ + મ્ + આ |
| **વિરેન્દ્ર** | વ્ + ઇ + ર્ + એ + ન્ + દ્ + ર્ + અ |
| **ગણિતજ્ઞ** | ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + જ્ + ઞ્ + અ |
| **ગુજરાતી** | ગ્ + ઉ + જ્ + અ + ર્ + આ + ત્ + ઈ |
| **મૂલ્યહ્રાસ** | મ્ + ઊ + લ્ + ય્ + અ + હ્ + ર્ + આ + સ્ + અ |
| **પરિશ્રમ** | પ્ + અ + ર્ + ઇ + શ્ + ર્ + અ + મ્ + અ |
| **વિગ્રહ** | વ્ + ઇ + ગ્ + ર્ + અ + હ્ + અ |
| **સ્પર્શ** | સ્ + પ્ + અ + ર્ + શ્ + અ |
| **વિશેષણ** | વ્ + ઇ + શ્ + એ + ષ્ + અ + ણ્ + અ |
| **પૂર્ણાહુતિ** | પ્ + ઊ + ર્ + ણ્ + આ + હ્ + ઉ + ત્ + ઇ |
| **સૂર્ય** | સ્ + ઊ + ર્ + ય્ + અ |
| **મણિકર્ણિકા** | મ્ + અ + ણ્ + ઇ + ક્ + અ + ર્ + ણ્ + ઇ + ક્ + આ |
| **વજ્ર** | વ્ + અ + જ્ + ર્ + અ |
| **પરિશ્રમ** | પ્ + અ + ર્ + ઇ + શ્ + ર્ + અ + મ્ |
| **બ્રહ્માસ્ત્ર** | બ્ + ર્ + અ + હ્ + મ્ + આ + સ્ + ત્ + ર્ + અ |
| **ભ્રૂકુટિ** | ભ + ર્ + ઊ + ક્ + ઉ + ટ્ + ઇ |
| **નૈમિત્તિક** | ન્ + ઐ + મ્ + ઇ + ત્ + ત્ + ઇ + ક્ |
| **રુક્મિણી** | ર્ + ઉ + ક્ + મ્ + ઇ + ણ્ + ઈ |
| **વંટોળિયો** | વ્ + અં + ટ્ + ઓ + ળ્ + ઇ + ય્ + ઓ |
| **વિક્રીડિત** | વ્ + ઇ + ક્ + ર્ + ઈ + ડ્ + ઇ + ત્ |
| **નિર્દોષ** | ન્ + ઇ + ર્ + દ્ + ઓ + ષ્ + અ |
| **તિરસ્કાર** | ત્ + ઇ + ર્ + અ + સ્ + ક્ + આ + ર્ |
| **બહુશ્રુત** | બ્ + અ + હ્ + ઉ + શ્ + ર્ + ઉ + ત |

# 2 CHAPTER સંજ્ઞા

- **ભાષાના જે શબ્દો દ્વારા કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, સ્થળ, પ્રાણી, પદાર્થનો નિર્દેશ કરતાં તેની ચોક્કસ ઓળખ મળે તેને સંજ્ઞા કહેવાય છે.**
- **સંજ્ઞાનું મૂળ આપણને 'પદ'માંથી મળે છે.**

## પદ

શબ્દને જ્યારે વિભક્તિનો પ્રત્યય અનુગ લગાડવામાં આવે ત્યારે તે પદ બને છે.

**જેમ કે,**

રામ રાવણ માર્યો

રા**મે** રાવણ**ને** માર્યો

**પદના બે પ્રકાર પડે છે :** (૧) વ્યયી પદ અને (૨) અવ્યયી પદ.

**પદ**

- **વ્યયી પદ**
  - ક્રિયાપદ
  - નામપદ
    - **ઇન્દ્રિયથી જોઈ શકાય તેવાં નામ**
      1. વ્યક્તિવાચક નામ
      2. જાતિવાચક નામ
      3. સમૂહવાચક નામ
      4. દ્રવ્યવાચક નામ
    - **મનથી સમજી શકાય તેવાં નામ**
      1. ભાવવાચક નામ
- **અવ્યયી પદ**

Toppersnotes
Unleash the topper in you

## (૧) વ્યયી પદ

જે પદમાં નામ પ્રમાણે વિશેષણના પદમાં લિંગ અને વચન પ્રમાણે ફેરફાર થાય તેને વ્યયીપદ કહેવાય.

**જેમ કે,**

- સારી સ્ત્રી સૌને ગમે.
- સારો માણસ સૌને ગમે.
- સારાં બાળકો સૌને વહાલાં લાગે.

અહીં સ્ત્રીલિંગ, પુંલ્લિંગ અને નપુંસકલિંગ, એકવચન અને બહુવચન પ્રમાણે વિશેષણના પદમાં ફેરફાર થયેલો છે, માટે તે વ્યયીપદ બને છે.

❒ **વ્યીપદના પ્રકાર : વ્યયીપદના બે પ્રકાર પડે છે :** (અ) ક્રિયાપદ અને (બ) નામપદ.

**(અ) ક્રિયાપદ : ક્રિયાપદ વાક્યમાં મુખ્ય હોય છે.**

**જેમ કે,**

**'દોડ'** ક્રિયાપદ છે, તે દરેક નામમાં વાપરી શકાય છે.

- રમેશ દોડે છે.
- ગાય દોડે છે.
- નેહા દોડે છે.
- બાળકો દોડે છે.

અહીં ઉપરોક્ત વાક્યોમાં ક્રિયાપદ એક જ છે **'દોડવું'** પરંતુ, તે સ્ત્રીલિંગ, પુંલ્લિંગ અને નપુંસકલિંગ એકવચન અને બહુવચન પ્રમાણે વપરાયેલું છે. પરંતુ, તેમની ક્રિયામાં ફેરફાર થયો નથી. બધાં જ નામ એક જ ક્રિયાપદને અનુસરે છે.

**(બ) નામપદ**

- **'નામપદ'** શબ્દ એ સંસ્કૃત શબ્દ **'નમ્'** ધાતુ ઉપરથી ઊતરી આવ્યો છે. 'નમ્' શબ્દનો અર્થ **'નમવું'** એવો થાય છે. અહીં આ 'નમ્' શબ્દ ક્રિયાપદના મુખ્ય અર્થને નમીને ચાલે છે માટે તેને **'નામ'** કહે છે.
- 'નમ્' શબ્દનો સૌપ્રથમ વાર ઉલ્લેખ પાણિની કૃત 'અષ્ટાધ્યાય' નામના સંસ્કૃત ગ્રંથમાં થયેલો છે. સંજ્ઞાને 'નામ' તરીકે ઓળખવામાં આવે છે.

## (૨) અવ્યયી પદ

જે પદમાં લિંગ અને વચન પ્રમાણે ફેરફાર ન થાય તેને અવ્યયી પદ કહેવાય.

**જેમ કે,**

- મહેશ હોશિયાર વિદ્યાર્થી છે.
- નેહા હોશિયાર વિદ્યાર્થિની છે.
- બાળકો હોશિયાર છે.

અહીં લિંગ અને વચન પ્રમાણે વિશેષણના પદમાં કોઈ ફેરફાર થયેલો નથી, માટે તેને અવ્યયી પદ કહેવાય.

## સંજ્ઞાઓના કુલ પ્રકાર

સંજ્ઞાઓના કુલ પ્રકારની વિગતે ચર્ચા નીચે પ્રમાણે છે :

### વ્યક્તિવાચક સંજ્ઞા કે સંજ્ઞાવાચક સંજ્ઞા

- કોઈ એક પ્રાણી કે પદાર્થને પોતાની જાતિનાં બીજાં પ્રાણી કે પદાર્થથી અલગ પાડી ઓળખવા જે ખાસ નામ અપાય છે તેને વ્યક્તિવાચક નામ કહેવાય છે.
- વ્યક્તિ કે પદાર્થને ઓળખવા માટે આપવામાં આવેલું વિશેષ નામ તે વ્યક્તિવાચક સંજ્ઞા.

**જેમ કે,**

વડોદરા, હિમાલય, નર્મદા, ગંગા, ગિરનાર, ભારત, ગુજરાત, સૂર્ય, ચંદ્ર, કમળ, સોમવાર, વડ, પીપળો, લીમડો વગેરે.

**ઉદાહરણો**

- **મુંબઈ** દરિયાકાંઠે વસેલું શહેર છે.
- **કમળ** સુવાસિત ફૂલ છે.
- **મોર** આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
- **શ્રાવણ** માસ ધાર્મિક ઉત્સવોથી ભરપૂર હોય છે.
- **ગુજરાત** મોટું રાજ્ય છે.
- આ **કવિ** તો જાણે બીજો કાલિદાસ !

### જાતિવાચક સંજ્ઞા

- જે નામ આખા વર્ગને તેમજ તે વર્ગમાંથી પ્રત્યેક વ્યક્તિ કે પદાર્થને લાગુ પડતું હોય તેને જાતિવાચક સંજ્ઞા કહે છે.

**જેમ કે,**

દેશ, શહેર, પર્વત, વાદળ, મોર વગેરે જાતિવાચક નામ છે.

**ઉદાહરણો**

- **વૃક્ષો** પર્યાવરણને શુદ્ધ રાખવાનું કામ કરે છે.
- **વિદ્યાર્થીઓ** મેદાનમાં રમતા હતા.
- ભારતમાં અનેક **રાજ્યો** આવેલાં છે.
- ગુજરાત મોટું **રાજ્ય** છે.
- વહેલી સવારે **પંખીઓ** કલરવ કરતાં દેખાય છે.

### સમૂહવાચક સંજ્ઞા

- કોઈ પણ વર્ગની વ્યક્તિઓ કે પદાર્થોના સમૂહને દર્શાવતી સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહે છે.

**જેમ કે,**

સૈન્ય, પ્રજા, ટોળું, સમિતિ, ટુકડી, ઢગલો, ભંડોળ, ધણ, વણઝાર, જંગલ, ઝૂમખું, ફોજ, જૂથ, સમુદાય, સભા, સરઘસ વગેરે.

**ઉદાહરણો**

- વિદ્યાર્થીઓ **જૂથ** પાડી રહ્યા હતા.
- આકાશગંગામાં અનેક તારાઓનાં **ઝૂમખાં**ઓ છે.
- એક મોટો **સમુદાય** ગરીબોની સહાય કરવા આગળ આવવા માંડ્યો.
- કીર્તિદેવનું **સૈન્ય** આગેકૂચ કરી રહ્યું હતું.
- ઊંટની **વણઝાર** ચાલી જાય છે.
- સાંજ પડતાં ગાયોનું **ધણ** પાદરમાં દેખાવા લાગ્યું.
- **સૈન્ય** સરહદ પર લડી રહ્યું છે.
- વિદ્યાર્થીઓ **ટુકડી**ઓમાં વહેંચાઈને કામ કરવા લાગ્યા.
- આજે શિક્ષણ **સમિતિ**ની મિટિંગનું આયોજન કરેલું છે.
- તેણે ઓછા સમયમાં મોટું **ભંડોળ** એકઠું કરી લીધું.

**દ્રવ્યવાચક સંજ્ઞા**

✍ જે વસ્તુઓ જથ્થામાં દ્રવ્યરૂપે રહેલી છે તેને દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે.

**જેમ કે,**

માટી, હવા, કાપડ, રૂ, તેલ, ઘી, ઘઉં, ચોખા, દાળ, લોટ, પાણી, અમૃત, ઝેર, લોખંડ, સોનું, મધ તેમજ બધી જ ખાદ્ય ચીજવસ્તુઓ વગેરે દ્રવ્યવાચક નામ છે.

**ઉદાહરણો**

- ભોજનમાં રમેશે માત્ર **દૂધ** લીધું.
- ચળકે એટલું **સોનું** નહિ ને ધોળું એટલું **દૂધ** નહિ.
- **અમૃત** જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રી વિશ્વનો નાથ.
- ઘરનું ફર્નિચર **લાકડા**માંથી બનેલું છે.
- વરસાદના **પાણી**થી **માટી**ની સુગંધ આવવા લાગી.

**ભાવવાચક સંજ્ઞા**

✍ જે ઇન્દ્રિયથી જોઈ ન શકાય અને સ્પર્શી ન શકાય પણ જે કેવળ અનુભવી શકાય તેવા ગુણ કે ક્રિયાના ભાવને દર્શાવે તેને ભાવવાચક સંજ્ઞા કહેવાય છે.

**જેમ કે,**

મીઠાશ, કાળાશ, ભલાઈ, વિચાર, સેવા, ઉછેર, ઠપકો, શોખ, જાગૃતિ, વિવાહ, જીવન, મૃત્યુ, દિવસ, રાત, ક્રોધ, પ્રેમ, ઉપકાર, ન્યાય, જવાબદારી, ખરાબ, સાચું, વિવેક, વિનય, સ્નેહ વગેરે ભાવવાચક નામ છે.

**ઉદાહરણો**

- **પરિવર્તન** આ જગતનું મહત્ત્વનું લક્ષણ છે.
- વાણીમાં **વિનય** અને **વિવેક** હંમેશાં રાખવાં જોઈએ.
- તમે મારી ઉપર ખૂબ મોટો **ઉપકાર** કર્યો.
- ગાંધીજી દેશની **આઝાદી** માટે પ્રયત્નશીલ હતા.
- તેમની આંખોમાં ખૂબ **આક્રોશ** ઠલવાતો જોવા મળ્યો.

## ટૂંકમાં ઝડપથી શીખો.

### :: સંજ્ઞા કોષ્ટક ::

| ક્રમ | સંજ્ઞાનું નામ | ઉદાહરણ |
|---|---|---|
| ૧. | વ્યક્તિવાચક | ગુજરાત આપણું રાજ્ય છે. |
| ૨. | જાતિવાચક | ગુલાબ એ સુવાસિત ફૂલ છે. |
| ૩. | સમૂહવાચક | સૈન્ય સરહદ ઉપર લડી રહ્યું છે. |
| ૪. | દ્રવ્યવાચક | અમૃત જાણી મીરાં પી ગયાં જેને સહાય શ્રી વિશ્વનો નાથ |
| ૫. | ભાવવાચક | તેની આંખોમાં ખૂબ આક્રોશ ઠલવાતો હતો. |

# 3 CHAPTER સર્વનામ

- **નામને બદલે વપરાતા શબ્દને સર્વનામ કહેવાય છે.**
- **સર્વનામથી વાક્ય કર્ણપ્રિય બને છે.**
- **સર્વનામથી વાક્ય ટૂંકાણમાં રજૂ કરી શકાય અને વાક્યની શોભામાં અભિવૃદ્ધિ થાય છે.**

**ઉદાહરણ**

- અલ્પાએ કહ્યું : 'હું કાલે જઈશ.'
- રમેશે મીનાને કહ્યું : તું શું કરે છે ?
- એક ગાય હતી. તે ઝાડ નીચે બેઠી હતી.

- **અહીં અલ્પા, રમેશ, મીના, ગાય વગેરે નામ એટલે કે સંજ્ઞા છે. એ નામોને વારંવાર વાપરવાથી વાક્યરચના કર્ણપ્રિય બનતી નથી. માટે એને બદલે હું, તું, તેં જેવા શબ્દો વપરાય છે, તેને સર્વનામ કહેવાય છે.**

## સર્વનામના પ્રકાર

સર્વનામના પ્રકાર નીચે પ્રમાણે છે :

### પુરુષવાચક સર્વનામ

- જુદીજુદી વ્યક્તિઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતા સર્વનામને પુરુષવાચક સર્વનામ કહેવાય છે.

| પુરુષ | વ્યક્તિ | એકવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ | બોલનાર (કર્તા) | હું, મારું, મારાથી, મારામાં | અમે, અમને, અમારાથી, અમારું, અમારામાં |
| બીજો પુરુષ | સાંભળનાર | તું, તમે, તારું, તારાથી, તારામાં | તમે, તમને, તમારાથી, તમારું, તમારામાં |
| ત્રીજો પુરુષ | જેના વિશે વાત થાય છે તે. | તે, તેનો, તેનાથી, તેનું, તેનામાં | તેઓ, તેઓને, તેમનું, તેઓથી, તેમનાથી, તેમનામાં |

**ઉદાહરણો**

- **તેઓ** પગપાળા મંદિર સુધી પહોંચ્યા.
- **તેઓ** આખો દિવસ નવરાધૂપ બેસી રહેતા.
- મોતી **અમારી** કૂતરી હતી, મોતી જેવી સફેદ.
- **તેમણે** અથાગ પ્રયત્ન કર્યો.
- આ **અમારું** સ્વર્ગ સમાન ઘર છે.
- નીલાએ રીનાને કહ્યું : **તેઓ** આજે અમદાવાદ જશે.
- **તેમના** પગે પડીને **તેણે** માફી માગી.

### દર્શક સર્વનામ

- કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, પ્રાણી કે પદાર્થનો નિર્દેશ કરતાં સર્વનામોને દર્શક સર્વનામ કહે છે.

  **જેમ કે,**

  આ, એ, તે, પેલું, પેલો, પેલી, પેલા વગેરે દર્શક સર્વનામ છે.

  **ઉદાહરણો**

  - તમે **આ** સાડી લેશો કે **પેલી**...?
  - જુઓ, જુઓ **! પેલા** નાસી ગયા.
  - **એ** છોકરો ડાહ્યો છે.
  - **તે** વાર્તા બધાં બાળકોને ખૂબ જ ગમી.
  - **આ** ટ્રેન ટાઈમટેબલ કરતાં મોડી આવી.
  - **પેલી** છોકરી સુંદર ચિત્રો દોરે છે.
  - **તે** ખનીજ ખૂબ જ મજબૂત અને કઠણ છે.

### સાપેક્ષ સર્વનામ

જે સર્વનામ વાક્યમાં એકબીજાની અપેક્ષાએ વાપરવામાં આવ્યું હોય તેને સાપેક્ષ સર્વનામ કહેવાય છે.

❒ **સૂચક શબ્દો**

- જે-તે, જો-તો, જેવું-તેવું, જેટલું-તેટલું, જેવડું-તેવડું, જેણે-તેણે, જ્યારે-ત્યારે, જ્યાં સુધી-ત્યાં સુધી, જેમ-તેમ, જ્યારથી-ત્યારથી વગેરે સાપેક્ષ સર્વનામ છે.

  **ઉદાહરણો**

  - **જેવું** વાવો **તેવું** લણો.
  - **જ્યારે** તમે આવશો **ત્યારે** હું જમીશ.
  - **જે** ખાડો ખોદે **તે** પડે.
  - **જેને** રામ રાખે **તેને** કોણ ચાખે ?
  - **જેમ જેમ** અમે આગળ ચાલ્યા **તેમ તેમ** રસ્તો સાંકડો બની ગયો.
  - **જો** મહેનત કરશો **તો** પરીક્ષામાં પાસ થશો.

### પ્રશ્નવાચક સર્વનામ

જે સર્વનામ નામને બદલે વપરાઈને પ્રશ્ન પૂછવા માટે વપરાતું હોય તેને પ્રશ્નવાચક સર્વનામ કહેવાય.

❒ **સૂચક શબ્દો**

- કોણ, કયો, કયું, કઈ, શું, શો, શી, શા, કેમ, કેવડું વગેરે પ્રશ્નવાચક સર્વનામ છે.

  **ઉદાહરણો**

  - બારણું **કોણે** ઠોક્યું ?
  - ઓરડામાં **કોણ** ફરે છે ?
  - સેતુ બાંધવામાં સૌથી નાનો સૈનિક **કોણ** હતું ?
  - દીપકને માથા પર પાટો **કોણે** બાંધ્યો ?
  - વડલો પોતાના હૈયામાં **શું** સાચવી રાખશે ?

### અનિશ્ચિત સર્વનામ

જે સર્વનામ કોઈ નિશ્ચિત પ્રાણી, વ્યક્તિ-વસ્તુ કે પદાર્થ માટે વાપરવામાં આવ્યું ન હોય તેને અનિશ્ચિત સર્વનામ કહેવાય.

❒ **સૂચક શબ્દો**

- કોઈ, કંઈ, કંઈક, કોક, કેટલાક, ઘણા, બીજા, બધા, સર્વે, અમુક, પ્રત્યેક, કોઈ પણ વગેરે શબ્દો અનિશ્ચિત સર્વનામ છે.

**ઉદાહરણો**

- તેને **કાંઈ** થયું નથી.
- વર્ગખંડની અંદર **કોઈક** પ્રવેશી રહ્યું છે.
- **કેટલાક** વિદ્યાર્થીઓ મેદાનમાં રમી રહ્યા છે.
- **કંઈક** મેળવવા માટે કંઈક ગુમાવવું પડે છે.
- **પ્રત્યેક** વિદ્યાર્થી શિસ્તનું પાલન કરે છે.
- **અમુક** વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે કામ કરે છે.
- **બધા** જ સભ્યો મિટિંગમાં હાજર રહ્યા હતા.

### સ્વવાચક સર્વનામ

જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઈને 'સ્વ'નો ઉલ્લેખ કરે તેને સ્વવાચક સર્વનામ કહે છે.

❒ **સૂચક શબ્દો**

- પોતે, જાતે, પંડે, ખુદ, નિજ, આપ, આપમેળે, આપોઆપ, આપખુદ, મેળે વગેરે સ્વવાચક સર્વનામ છે.

**ઉદાહરણો**

- હું **ખુદ** ત્યાં હાજર રહીશ.
- તમે **જાતે** જ તમારું કામ કરો.
- તેઓ **આપોઆપ** નાસી ગયા.
- તે એની **મેળે** જ અહીં સુધી આવ્યો છે.
- તેઓ **પંડે** પોતાના કામમાં વળગ્યા.
- **નિજ** ધર્મ સમજી સહાયરૂપ બનવું જોઈએ.

## ટૂંકમાં ઝડપથી શીખો.

### :: સર્વનામ કોષ્ટક ::

| ક્રમ | સર્વનામ | સૂચક શબ્દો | ઉદાહરણ |
|---|---|---|---|
| ૧. | પુરુષવાચક સર્વનામ | હું, મારું, અમારું, તેઓનું, તેઓ, તેઓથી | વિજયે હેમાને કહ્યું કે, તેઓ આજે અમદાવાદ જશે. |
| ૨. | દર્શક સર્વનામ | આ, એ, તે, પેલું, પેલી, પેલા, પેલો | પેલી છોકરી સુંદર ચિત્રો દોરે છે. |
| ૩. | સાપેક્ષ સર્વનામ | જો-તો, જેવું-તેવું, જ્યારે-ત્યારે, જેમ-તેમ | જ્યારે રમેશ આવશે ત્યારે કૃપા જમશે. |
| ૪. | પ્રશ્નવાચક સર્વનામ | કોણ, કયું, કઈ, શું, શી, શા, કયો | કલ્પેશને માથા પર પાટો કોણે બાંધ્યો? |
| ૫. | અનિશ્ચિત સર્વનામ | કોક, કોઈક, અમુક, બીજા, પ્રત્યેક, દરેક | વર્ગખંડમાં કોઈક પ્રવેશી રહ્યું છે. |
| ૬. | સ્વવાચક સર્વનામ | પોતે, જાતે, પંડે, ખુદ, નિજ, સ્વયં | તેઓ ખુદ અંબાજી ગયા. |